PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૨/કવા–૦૨/૧૭–૧૮/ 9231 તા. 30-10-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રણછોડભાઈ સવસીભાઈ દુમાડીયા,
ગામ: આણંદપુર (ભાડલા)
તા. ચોટીલા
જી. સુરેન્દ્રનગર

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૨/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વિંછીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ આ નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૨/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૭–૧૦–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રણછોડભાઈ સવસીભાઈ દુમાડીયા, ગામ: આણંદપુર (ભાડલા)

રજુઆત કરનાર: અરજદાર શ્રી રણછોડભાઈ સવસીભાઈ દુમાડીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વિંછીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)

## : હુકમ :

### ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ચોટીલા તાલુકાના ગામ:આણંદપુર (ભાડલા) ખાતે ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૦૪–૦૨–૮૯, રસીદ નં.: ૭૨૦૯૫ થી પૈસા ભરેલ હતા. તેમ છતા, તેઓને આજદિન સુધી ખેતીવાડી વીજજોડાણ મળેલ ન હોય, તેઓએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, અરજદાર શ્રી રણછોડભાઈ સવસીભાઈ દુમાડીયા, ગામ: આણંદપુર (ભાડલા) તા. ચોટીલા દ્વારા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૦૪–૦૨–૮૯, રસીદ નં.: ૭૨૦૯૫ થી પૈસા ભરેલ હતા. હાલ શ્રી સવસીભાઈ દુમાડીયા હૈયાત નથી, આથી તેમના વારસદાર રૂપાબેન સવસીભાઈ દુમાડીયા એ રજુઆત કરેલ છે કે, સદર અરજી ના અનુસંધાને – કોઈ પ્ર કાર નુ ખેતીવાડી વીજજોડાણ માટે ભાવપત્રક મળેલ નથી. જે અન્વયે, વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા તપાસ કરતા વર્ષ–૧૯૮૯ નુ જીપી રજીસ્ટર ઉપલબ્ધ નથી. અરજદાર શ્રી એ રજુઆત કરેલ છે કે, તા.૦૪–૦૨–૮૯ ના રોજ તેમના ગામના તેમની સાથે અન્ય ૦૬ અરજદારો એ પણ ખેતીવાડી વીજજોડાણ ની માંગણી કરેલ હતી. પરંતુ, ભાવપત્રક અપાયેલ ન હતા. આથી, તેઓ શ્રી દ્વારા પીજીવીસીએલ ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ સમક્ષ રજુઆત કરતા, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ નં.: પીજીવીસીએલ / સીજીઆરએફ / ૬૨ / કવા–૦૨/ ૧૪–૧૫ / ૧૧૦૮૧ તા.૨૫–૧૧–૧૪ થી અંદાજપત્ર આપવાનો હુકમ કરાયેલ હતો. |
| ૨.૨ | સદર અરજદાર ની અરજી ના અનુસંધાને, પેટા વિભાગીય કચેરી વિછીયા મા વર્ષ–૧૯૮૯ ની સાલમા શ્રી સવસીભાઈ દુમાડીયા ગામ: આણંદપુર (ભાડલા) તા. ચોટીલા ખાતે સર્વે નંબર: ૯૦ પૈકી, ૯૧ પૈકી તથા ૯૬ પૈકી ની જમીન હતી. આ તમામ સર્વે નંબર માથી – હાલ સર્વે નંબર: ૯૦ પૈકી ૨ – ઉપર તેમના વારસદાર શ્રી રણછોડભાઈ સવસીભાઈ દુમાડીયા ના નામે તત્કાલયોજના હેઠળ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.: ૮૧૮૪૮/૦૦૫૯૯/૭ થી ધરાવે છે, જેની અરજી તા.૧૩–૦૮–૨૦૦૮ રસીદ નં.: ૨૫૪૨૧૨ થી કરેલ પેટા વિભાગીય કચેરી વિછીયા દ્વારા ઉપરોક્ત સર્વે અંગે નુ સ્થળ રોજકામ કરતા – સર્વે નંબર: ૯૦ પૈકી ૨ સિવાય અન્ય સર્વે નંબર ઉપર કોઈ ખેતીવાડી વીજજોડાણ જોડાણ હૈયાત નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ , તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતો જણાવાયેલ છે, સદર અરજદાર ની નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની અરજી તા.૦૪–૦૨–૮૯, રસીદ નં.: ૭૨૦૯૫ પરત્વે કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અને સંજોગોવસાત પડતર રહેલ હોય, પીજીવીસીએલ પક્ષકાર તરફથી – રેકર્ડ આધારીત કબુલાત આપી – તે મુજબ, શ્રી સવસીભાઈ દુમાડીયા ગામ: આણંદપુર (ભાડલા) તા. ચોટીલા ખાતે સર્વે નંબર: ૯૦ પૈકી, ૯૧ પૈકી તથા ૯૬ પૈકી ની જમીન હતી. આ તમામ સર્વે નંબર માથી – હાલ સર્વે નંબર: ૯૦ પૈકી ૨ – ઉપર તેમના વારસદાર શ્રી રણછોડભાઈ સવસીભાઈ દુમાડીયા ના નામે તત્કાલયોજના હેઠળ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.: ૮૧૮૪૮/૦૦૫૯૯/૭ થી ધરાવે છે, જેની અરજી તા.૧૩–૦૮–૨૦૦૮ રસીદ નં.: ૨૫૪૨૧૨ થી કરેલ પેટા વિભાગીય કચેરી વિછીયા દ્રારા ઉપરોકત સર્વે અંગે નુ સ્થળ રોજકામ કરતા – સર્વે નંબર: ૯૦ પૈકી ૨ સિવાય અન્ય સર્વે નંબર ઉપર કોઈ ખેતીવાડી વીજજોડાણ જોડાણ હૈયાત નથી. જેથી, અરજદાર ને – સદર અરજી ના અનુસંધાને – માંગણી મુજબ ના સર્વે નંબર મા એટલેકે –સર્વે નંબર: ૯૦ પૈકી ૨ સિવાય ખેતીવાડી વીજજોડાણ સામાન્ય યોજના હેઠળ જરૂરી દસ્તાવેજીક પેપર્સ મેળવવા તેમજ ચકાસણી કરી – સ્થળ નુ તાંત્રીક સર્વેક્ષણ કરી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ ભાવપત્રક આપવા માટે ની કાર્યવાહી દિન–૧૫ મા પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, સદર અરજદાર ને તેમની તા.૦૪–૦૨–૮૯, રસીદ નં.: ૭૨૦૯૫ – નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અંતર્ગત સામાન્ય યોજના હેઠળ માંગણી મુજબ ના સર્વે નંબર મા એટલેકે –સર્વે નંબર: ૯૦ પૈકી ૨ સિવાય ખેતીવાડી વીજજોડાણ સામાન્ય યોજના હેઠળ જરૂરી દસ્તાવેજીક પેપર્સ મેળવવા તેમજ ચકાસણી કરી – સ્થળ નુ તાંત્રીક સર્વેક્ષણ કરી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ ભાવપત્રક આપવા માટે ની કાર્યવાહી દિન–૧૫ મા ભાવપત્રક આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**